2/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૧૨

સૂર્યોદય - ૦૬.૪૦.૩૨
સંવત - ૨૦૭૭
આસો વદ - ૧૩, મંગળવાર
તા. ૦૨-૧૧-૨૦૨૧
સૂર્યાસ્ત - ૦૬.૦૩.૫૯

વર્ષ-૩ ● અંક -૨૩ ● સળંગ અંક - ૧૦૩૩ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૬૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

**દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે.** | **'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ'** | **www.kutchipatrika.org**



**તલવાણા**ના સૂર્યકાંત દેઢીયા ઉ.વ. ૬૬, તા. ૩૧-૧૦-૨૦૨૧ના હાર્ટફેલથી અવસાન પામેલ છે. માતુશ્રી ભાણબાઈ પ્રેમજી મેઘજી દેઢીયાના સુપુત્ર. મંજુલાના પતિ. કેતન, રીનલના પિતાજી. દામજી, લક્ષ્મીચંદ, વસંત, સુશીલા, અમૃતા, ભારતીના ભાઈ. તારા, હસ્તી, શાંતાના દિયર. બિદડા પોપટલાલ, કાંડાગરાના ભાઈલાલ, મેરાવા કાંતીભાઈના સાલ. મો. આસંબીયા મક્કાબાઈ લાલજી આસુના પૌ. વર. જયવંતી દામજીના જમાઈ. દેવચંદ લાલજીના ભ. વર. જયેશ, હીતેશ, મીનાના બનેવી. હેમલતા, ક્રીનાના નણંદોઈ. મેરાવા નિતીન નેમચંદના સાઢુભાઈ. તલવાણા લખમશી, કુંવરજી, હંસરાજ, માવજી, ખીમજી મેઘજીના ભત્રીજા. કોડાય કુંવરબાઈ પ્રેમજી લાલનના ભાણેજ. ના. આસંબીયા મણીબેન કુંવરજીના દો. વર. તલવાણા ઉમેશ, અનિલ, દિપક, દિપેશ, વીરલ, પરીન, સંગીતા, જ્યોતિના કાકા. પ્રીતી, બીના, જસ્મીકા, ડોલી, હેતલ, નિધિ, વાંકીના પિયુષ, રાયણના અનિલના કા. સસરા. પંકજ, રાજેશ, જીજ્ઞેશ, સમીર, કુમુદ, દક્ષા, બિંદુ, વિધિના મામા. એશા, પાયલ, ડોલી, ફરાદીના હીતેન, લાયજા મહેશ, પત્રી વિનેશ, મુંબઈ સાગરના મામાઈ સસરા. ભાવિન, ધવલના માસા. છાયાના માસી. સસરા. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. મંજુલા દેઢીયા, ૨૨, શિવકૃપા, હાજીબાપુ રોડ, મલાડ (ઈ.) ૯૭. મંજુલા-૯૯૩૦૪૨૪૦૩૮, દામજી-૯૮૨૧૨૭૪૩૪૨, લક્ષ્મીચંદ-૯૯૨૦૬૦૩૭૭૧.

4/1/1 --------- (1-1)



**વાંકી**ના મંજુલાબેન (મુલબાઈ) છેડા ઉ.વ. ૮૦ તા. ૩૧/૧૦/૨૧ના ટૂંકી માંદગીથી (નોન કોવીડ) અવસાન પામ્યા છે. નાનજી છેડાના ધર્મપત્ની. કુંવરબાઈ દન્ના ચાંપશીના પુત્રવધુ. વિનોદ, મનોજ, ભરત, હેમલતા, નયનાના માતા. કલ્પા, હર્ષા, વાંકીના પ્રદીપ મેઘજી, કોડાયના હિતેન્દ્ર પ્રવિણચંદ્રના સાસુ. મીતેન, વિરલ, રીશી, ડીમ્પીના દાદી. રશ્મીતાના દાદી સાસુ. યુતી, નિધી, લબ્ધિ, સચિનના નાની. જેઠીબાઈ દેવજી, દેવકાંબાઈ કાનજી, હીરબાઈ હંસરાજ મણીબેન વેલજી, નાનબાઈ પ્રેમજી, જયાબેન ખીમજીના ભાઈના ઘરેથી. ભુજપુરના ભાણબાઈ પ્રેમજી, પત્રીના ભચીબાઈ ભીમશી, વડાલાના ખેતબાઈ રામજીના ભાભી. ટોડાના નાનબાઈ દેવજી માણેકની પુત્રી. વિમળા હરીલાલ, લક્ષ્મી જયંતી, કવિતા હરેશ, પત્રીના મમ્મીબાઈ વેલબાઈ ઠાકરશી, ૨.ગણેશ મણીબેન પોપટલાલ, દેશલપુર જયવંતી સુરેશ, મેરાવા હંસા રમેશ, ડોણ હર્ષા પરેશના બેન. વાંકીના મેઘજી હીરજી, કોડાયના પ્રવિણચંદ્ર હેમરાજ, બેરાજાના પ્રેમજી મેઘજી, વડાલાના દામજી જખુના વેવાણ. પ્રમીલા મુદ્દુના મોટા વેવાણ. **પ્રાર્થના રાખેલ નથી.** ઠે. ભરત છેડા, ૭/૧૫૦૪, બાલાજી ગાર્ડન, કોપર સ્ટેશનની સામે, ડોંબીવલી-ઈસ્ટ, પીન નં. ૪૨૧૨૦૧. **(ત્વચાદાન કરેલ છે)** મો.: ૯૮૯૨૫૬૬૭૬૫ - ભરત, ૭૯૭૭૪૪૦૭૯૦ -મનોજ.

2/1/1 --------- (1-2)



**રાયણ**ના માતુશ્રી જીવીબેન છગનલાલ ગડા ઉ.વ. ૮૪, તા. ૨૯-૧૦ના અનશન કરી ત્રીજા ઉપવાસે દેવલોક પામ્યા છે. પાનબાઈ ખીમજી ગણશીના પુત્રવધુ. છગનલાલના ધર્મપત્ની. દમયંતી, ભાવના, બીના, ચેતનાના માતા. બિદડાના ભુપેન્દ્ર પ્રેમજી અજાણી, ભાડીયાના આણંદજી ધનજી, તુંબડીના અશ્વિન દામજી, મોટી ખાખરના પંકજ દામજીના સાસુ. શ્વેતા જીજ્ઞેશ, નીકીતા મેહુલ, નીકીતા ચિંતન, એક્તા ધવલ, કોમલ કુશ, દ્રષ્ટી, ભુવનના નાની મા. લાલજી ગણશી, પોપટલાલ ભારમલના ભત્રીજા વહુ. પુતળીબેન મગનલાલના દેરાણી. જવેરબેન ટોકરશીના જેઠાણી. તલવાણાના હંસરાજ મેઘજીના સુપુત્રી. દામજી, મુરજી, નેમચંદના બેન. દમયંતી, નાનબાઈ, કસ્તુરના નણંદ. તૃષ્ટી, હેલી, દેવ, આસ્વીના મોટા નાની. બિદડાના રતનબેન પ્રેમજી, ભાડીયાના લક્ષ્મીબેન ધનજી, તુંબડીના લક્ષ્મીબેન દામજી, મોટી ખાખરના જવેરબેન દામજીના વેવાણ. **પ્રાર્થના રાખેલ નથી.** ઠે. બીના અશ્વિન બૌવા, બી/૧૦૪, નૂતન આયોજનનગર, લીબર્ટી ગાર્ડન રોડ-૪, મલાડ (વે.), મું.નં. ૪૦૦૦૬૪. ભાવના-૭૦૨૧૫૨૪૩૩૨૩, ચેતના-૭૦૫૭૦૫૬૮૯૦, દમયંતીબેન-૭૦૪૫૮૧૭૫૬૫, બીના-૯૭૫૭૨૪૬૯૧૬.

4/1/1 --------- (1-3)

**॥ નેત્રદાન માટે મૃત્યુબાદ તુરંત સંપર્ક કરો ॥**
**નવનીત હાઈટેક હોસ્પીટલ દહીંસર-૯૮૨૧૮૧૬૦૦૨,૯૮૩૩૯૩૧૧૫૧**

### શ્રી બોરીવલી અચલગચ્છ જૈન સંઘ (પૂર્વ)
### ગૌતમ અનુષ્ઠાન દ્વારા કરશું મંગળ

કારતક સુદ ૧, શુક્રવાર તા. ૫-૧૧-૨૧ના સવારના ૭.૩૦ વાગે ગૌતમ સ્વામીનું પીળા પુષ્પોથી અનુષ્ઠાન કરી કરશું નવા વર્ષની શુભ શરૂઆત (ગૌતમ સ્વામીની મુર્તિ અથવા ફોટો અને નાની થાળી લાવવી) ફુલની વ્યવસ્થા સંઘ કરશે.

● અનુષ્ઠાન બાદ ગોળની ભીલીની પ્રભાવનાના લાભાર્થી પરીવાર શ્રીમતી ભાવનાબેન ભરતભાઈ ગાલા (મંગલબાપા પરીવાર) ગામ : બાડા.

● કારતક સુદ-૫, મંગળવાર, તા. ૯-૧૧-૨૧ના સવારના ૮.૩૦ કલાકે. ભક્તામર સ્તોત્ર ત્યાર બાદ જ્ઞાન પંચમીની આરાધના (જ્ઞાનના ૫૧ ખમાસણા) આવા મંગલકારી માહોલને મહામંગલકારી બનાવવા શ્રી સકળ સંઘને બહોળી સંખ્યામાં પધારવા વિનંતી. જ્ઞાન આરાધના બાદ શાલીભદ્રની પેટી લાભાર્થીના ઘરે જશે. પેટીની વિગત પત્રીકા અને વોટસઅપ દ્વારા જાણ કરવામાં આવશે. લિ. ટ્રસ્ટીગણ.

4/1/1(13) --------- (A-10424)(1-4)

### શ્રી ડોંબીવલી ક.વિ.ઓ. સેવા સમાજ

તા. ૪-૧૧-૨૧ અને ૫-૧૧-૨૧ના દિવાળી અને નૂતન વર્ષ નિમિત્તે સંસ્થાનું કાર્યાલય તથા સંસ્થાની તમામ પ્રવૃત્તિઓ બંધ રહેશે. લિ. માનદ્ મંત્રીઓ. જાહેરાત સૌજન્ય : JAINY AGENCY શ્રી હીતેન કાંતીલાલ બોરીચા (ગામ : રાયણ)

4/1/1(15) --------- (A-10422)(1-5)

KVOSJM
STHANAKWASI JAIN MAHAJAN

## શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ

૭૦/૮૦, ડો. આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, ચીંચપોકલી (ઈ.), મુંબઈ-૪૦૦૦૧૨. સંપર્ક : ૨૩૭૨૧૦૮૪ / ૨૩૭૩૪૬૭૮, સમય : ૧૧ થી ૫

## મહાજનશ્રીના સમાજોપયોગી કાર્યો

શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન સંચાલિત શ્રીમતી ઝવેરબેન પોપટલાલ પ્રેમજી (સહયોગી દાતાશ્રી લાલજી વેલજી ઐંકરવાલા) આરોગ્યધામ લોનાવલા અને શ્રી દેવજી ખેતશી આરોગ્યધામ દેવલાલીનો સમાજનો દરેક પરિવાર લાભ લઈ શકે તે હેતુથી સમાજના લોકો સુધી સમાજોપયોગી કાર્યો હેઠળ નીચેની યોજનાઓ ઘણા સમયથી સમાજ સમક્ષ મુકવામાં આવી છે.

● શ્રીમતી ઝવેરબેન પોપટલાલ પ્રેમજી (સહયોગી દાતાશ્રી લાલજી વેલજી ઐંકરવાલા) આરોગ્યધામ લોનાવલાના 1 BHK બ્લોક અઠવાડિયા માટે પ્રથમવાર લાભ લેનાર જરૂરીયાતમંદ પરિવારને સંપુર્ણપણે નિઃશુલ્ક ફાળવવામાં આવે છે.

● દેવજી ખેતશી આરોગ્યધામ દેવલાલીમાં 1 BHK બ્લોક જરૂરીયાતમંદ પરિવારને મહિને ૫૦% ભાડું રૂા. ૫,૦૦૦/- અથવા ભાડું ન ભરી શકનાર અતિ જરૂરીયાતમંદ પરિવારને ફક્ત રૂા. ૧૦૦/- નો ટોકન ચાર્જ લઈને પણ વપરાશ અર્થે નિયમોને આધિન ફાળવવામાં આવે છે.

● શ્રીમતી ઝવેરબેન પોપટલાલ પ્રેમજી (સહયોગી દાતાશ્રી લાલજી વેલજી ઐંકરવાલા) આરોગ્યધામ લોનાવલાના 1 BHK બ્લોક જરૂરીયાતમંદ પરિવારને મહિને ૫૦% ભાડું રૂા. ૩,૨૦૦/- અથવા ભાડું ન ભરી શકનાર અતિ જરૂરીયાતમંદ પરિવારને ફક્ત રૂા. ૧૦૦/- નો ટોકન ચાર્જ લઈને પણ વપરાશ અર્થે નિયમોને આધિન ફાળવવામાં આવે છે.

**અત્યાર સુધી આ યોજના હેઠળ આવેલ દરેક અરજીઓ મંજુર કરવામાં આવેલ છે.**

પુરતી સમજણ કે માહિતી વગર ગેરસમજ ફેલાવતા વોટ્સએપ મેસેજ લખવા કે ફોરવર્ડ ન કરવા વિનંતી.

ઉપરોક્ત યોજના બાબત કોઈપણ પ્રકારની માહિતી કે ખુલાસા માટે સંસ્થાના અધિકારીઓ આગોતરી Appointmentથી સંસ્થાના કાર્યાલય પર મળી શકશે.

નોંધ : સંસ્થા વિરૂધ્ધ વોટસએપ, સોશીયલ મિડિયા, ઈમેલ અથવા ફોન દ્વારા જો ગેરસમજ ફેલાવી દુષ્પ્રચાર કરનાર વ્યક્તિ સામે Information Technology(IT) Act Cyber Law હેઠળ કાયદાકીય પગલા લેવામાં આવશે તેની ખાસ નોંધ લેવા વિનંતી.

લિ. માનદ્ મંત્રીઓ

K.V.O. - P - 8104209392

### (JYF) જૈન યુથ ફોરમ
### સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ

આજે કોઈના વાંક જોવા નહીં. (પ્રમોદ ભાવનાને ખીલવવા માટે)

● મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

● વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન.

● JYF હેલ્પલાઈન નંબર 8591438983.

● જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા).

2/1/1(14) --------- (A-10423)(1-6)

### શ્રી બોરીવલી અચલગચ્છ જૈન સંઘ (પુર્વ)
### શ્રી નવકાર મહામંત્રના સામુહીક જાપ

દર મહીનાના પહેલા રવિવારે યોજાતા શ્રી નવકાર મહામંત્રના સામુહીક જાપ રવિવાર તા. ૭-૧૧-૨૧ના સવારે ૯ કલાકે સંગીતના સથવારે યોજેલ છે. શ્રી સંઘના સહુ નવકાર પ્રેમીઓએ શ્વેત વસ્ત્રો પરીધાન કરી સમયસર પધારવા વિનંતી.

● જાપના લાભાર્થી : માતુશ્રી નાનબાઈ વશનજી ઘેલાભાઈ ધરોડ પરીવાર ગામ : પત્રી.

● તા.ક. : આવતા મહીનાના તથા જાન્યુઆરી ૨૦૨૨થી ડીસેમ્બર ૨૦૨૨ સુધીના જાપના લાભાર્થી આવકાર્ય. લિ. ટ્રસ્ટીગણ.

4/1/1(12) --------- (A-10425)(1-7)

## શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબીવલી આયોજિત જય સુવિધિનાથ

શ્રી ગુણ-ગુણોદય-કલાપ્રભસાગર સૂરીભ્યો નમઃ જીવન બનાવવા નંદનવન, કન્યા શિબિરનું થયું છે આયોજન. અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તીની પ.પૂ. પુણ્યોદયશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ. વિપુલગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં તા. ૫-૧૧-૨૧ થી તા. ૧૦-૧૧-૨૧ પંચદિવસીય 'શ્રી આર્ય-ગુણ-સમય કન્યા જ્ઞાન સત્ર' નું આયોજન કરેલ છે. જે બાલિકાઓએ ફોર્મ ભર્યા છે તેમને ધન્યવાદ. પરંતુ સૌથી વધારે ધન્યવાદને પાત્ર તેમનાં વડીલો છે. જેમણે પોતાની દિકરીઓને કન્યા શિબિરમાં આવવા તૈયાર કરી. અનુજ્ઞા આપી. કન્યાઓના સાચા હીતચિંતક બન્યા છે. આવી જ રીતે ભવિષ્યમાં પણ ગુરૂ ભગવંત પાસે મોકલી એમનું જીવન સફળ બનાવશો એ જ માવિત્રોને વિનંતી. શિબિરાર્થીઓએ તા. ૫-૧૧-૨૧ના બપોરે ૩.૦૦ વાગ્યા સુધી પહોંચવું. બાકીના સુચનો Whats app દ્વારા મેળવતા રહેજો.

● કન્યા જ્ઞાનસત્રનો લાભ લેનાર દાતા પરીવારની અંતરથી અનુમોદના. લાભાર્થી : ગુરૂભક્ત પરીવાર. લિ. મંત્રીઓ.

4/1/1(3) --------- (A-10429)(2-1)

### નાના ભાડીયા સ્થાને શ્રી સચ્ચા માને નમતા ગડા નુખના ભાવિકો

ગામ નાના ભાડીયા, મધ્યે શ્રી સચ્ચા માને નમતા ગડા નુખના ભાવિકો ગામ નાના ભાડીયા, કોડાય, ત્રગડી, ટુંડા, નાની ખાખર સર્વે ભાવિકોને જણાવવાનું આ વર્ષની માતાજીની પહેડીના દાતા ગામ નાના ભાડીયાના માતુશ્રી પાનબાઈ દેવજી ભોજા, ગડા પરિવાર એ લાભ લીધેલ છે. પહેડીની તારીખ ૫/૧૨/૨૧ રવિવારના શુભ દિવસે, સ્થળ માટુંગા નારાયણજી શામજીની વાડીમાં રાખવામાં આવેલ છે. તો સર્વે ભાવિકો પહેડીની તારીખ નોંધ કરી રાખવી તેમજ આ વર્ષે માતાજીની પેટીમાંથી નીકળેલ રકમનું દાન જીવદયા માટે અનુદાન રૂપિયા ૭૫,૦૦૦/- હજાર જે પચીસ ગૌશાળામા આપવામાં આવેલ છે.

● તેમજ આ વર્ષમાં સમુહ જુવાર ચૈત્ર સુદ-તેરસના ૧૪-૪-૨૨, ગુરૂવારના દીવસે નાના ભાડીયા સ્થાને કરાવવામાં આવશે જેમણે ગયા વર્ષ સુધીના જુવારના રૂપિયા આપેલ છે તેમણે નવા વર્ષના રૂપિયા ૫૦૦/- પહેડીમા જમા કરાવાના રહેશે, તો તેમણે સાથે લઈ આવવા નોંધ કરી લેશો અને જેમણે નવા નામ લખાવવાના હોય તેમણે એક વર્ષના રૂપિયા ૫૦૦/- પ્રમાણે જેટલા વર્ષના જુવાર બાકી હોય તે પ્રમાણે રૂપિયા પહેડીમા જમા કરાવાના રહેશે.

● ગયા વર્ષની ટિકીટના ડીપોજીટના રૂપિયા ૨૦૦ પહેડીમા પાછા આપવામાં આવશે તો બધા પાછા મેળવી લેવા તેની નોંધ લેશો.

● આવતા વર્ષમા સમુહ જુહાર માટે જવાની ટીકીટ ભાવિકોએ પોતાની જાતે કઢાવાની રહેશે એની નોંધ લેશો. લિ. કમિટીવતી લખમશી ભાણજી ગડા, નવીન ગાંગજી ગડા, જયેશ પ્રેમજી ગડા, વલભજી શીવજી ગડા, મનહર જેસંગ ગડા.

2/1/1(6) --------- (B-10415)(2-2)

## શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન

# आठवाँ वार परिवार

- हर ख़ुशहाल परिवार में सुबह ईद, दोपहर होली और शाम दीवाली होती है।
- सोमवार से रविवार तक सात वार होते हैं पर ये तभी सार्थक होते हैं जब आठवाँ वार परिवार सही सलामत हो।
- घर का स्वर्ग क्या है ? भाई-भाई के बीच प्रेम और त्याग की भावना। घर का नरक क्या है? मनमुटाव और स्वार्थ की भावना।
- अगर आप श्रवणकुमार की माँ बनना चाहती हैं तो अपने पति को श्रवणकुमार बनने की प्रेरणा दीजिये।
- ईश्वर सर्वत्र नहीं जा पाता अतः अपनी उपस्थिति के लिए माँ को पैदा करता है।
- जब तुम बालक थे तब वे तुम्हारे संरक्षक बने। अब वे वृद्ध हो चुके हैं, तो मित्र तुम अपने कर्त्तव्य अवश्य निभाओ।
- जहाँ पुत्र आपस में बँटे हों और बूढ़ी माँ को अपने हाथ से खाना बनाना पड़ता हो, समझ लो उस घर के पुण्य कमज़ोर हो गए हैं।
- पहले एक माँ-बाप सात बच्चों को पाल-पोष कर बड़ा कर लेते थे। आज दुर्भाग्य है सात बच्चे एक माँ-बाप को नहीं सम्भाल पा रहे हैं।
- माँ ममता का मन्दिर है और प्रेम का अमृत शास्त्र। स्वर्ग भले ही आसमान में हो, पर उसका सुकून माँ के चरणों में ही है।
- जन्म देने भर से माता-पिता धन्य नहीं होते। वे माता-पिता चिरकाल तक यश प्राप्त करते हैं, जो अपनी संतानों को अच्छे संस्कार देते हैं।
- सुबह उठकर माता-पिता को प्रणाम करो, ताकि उनकी दुआओं से दिन की शुरुआत हो, रात को सोने से पहले उनकी सेवा करो ताकि अंधेरी रात में भी उनके आशीर्वाद का प्रकाश हमारे साथ हो।
- शादी के बाद बेटा भी अलग होता है और बेटी भी, आँसू दोनों समय आते हैं। पर एक में संतुष्टि के आँसू होते हैं, दूसरे में बेवफाई के।
- आज जन्मपत्री वर-वधु के मिलाने की नहीं, सास और बहू के मिलाने की है, दोनों के गुण मिल गये तो काम हुआ समझो।
- अपनी बहू को इतना प्रेम दो कि वह पीहर के फोन नम्बर भी भूल जाये और अपनी सास को इतना सम्मान दो कि वह ससुराल गयी अपनी बेटी को भी भूल जाए।
- सास का टोकना चौराहे की लाल बत्ती की तरह है, जो तुम्हें रोकती तो है, पर भावी दुर्घटना से बचाती भी है।
- पीहर की मम्मी याद आती है तो ससुराल की मम्मी से नफ़रत क्यों ? ससुराल गई बेटी की याद आती है तो घर आई बेटी से दूरियाँ क्यों ?
- किसी की बेटी हमारे घर की बहू है और हमारी बेटी किसी के घर की बहू। हमारी बेटी के पास वही लौटकर जाने वाला है, जो व्यवहार हम अपनी बहू के साथ करेंगे।
- केवल यह सोचकर खुश मत होइये कि आपकी बेटी अपने ससुराल में सुखी है अपितु यह भी देखिये किसी और की बेटी आपके घर में कितनी सुखी है।
- पहले मकान कच्चे थे, पर रिश्ते सारे सच्चे थे। मकान छोटे थे, पर दिल बहुत बड़े थे, इसलिए एक घर में सात भाई साथ-साथ रहते थे। अब मकान बड़े हो गए हैं, पर दिल बहुत छोटे हो गए हैं सो दो भाई भी साथ-साथ नहीं रह पाते।

सं.प.पू.आ.भ. श्री महोदयसागरसूरीश्वरजी म.सा. लि. मंत्रीओ

## શ્રી પાર્શ્વચંદ્ર સૂરી સદ્‌ગુરૂભ્યો નમઃ

ડોંબીવલી ધર્મપુરી નગરીમાં શ્રી વર્ધમાન સ્વામીની છત્રછાયામાં પૂ.દાદાગુરૂની અસીમ કૃપાથી તેમજ ચાતુર્માસે બિરાજમાન પ.પૂ. પદમયશચંદ્રજી મ.સા. (ભાઈ મારાજ) ની પાવન નિશ્રામાં શ્રી સંઘમાં લીલા લહેર વર્તે છે. કારતક સુદ-૧ના સવારનાં ગૌતમ સ્વામીનો રાસ ગુરૂ મુખે સવારનાં ૫.૪૫ વાગે શરૂ થશે. ત્યાર બાદ ૬.૪૫ વાગે શ્રી વર્ધમાન સ્વામીનો તેમજ દાદાગુરૂનો દ્વાર ઉદઘાટન તેમજ અષ્ટ પ્રકારી પુજા થશે. લાભાર્થી પરીવાર મા. દિવાળીબેન રાઘવજી સાવલા. સર્વેને સમયસર પધારવા વિનંતી. તેમજ પ્રભુજી, દાદાગુરૂનો સવા કિલો ઘીનો લાડવો જુવારવામાં આવશે. લાભાર્થી પરીવાર : શ્રી ભવાનજી દામજી સંગોઈ તેમજ ગોળની પ્રભાવના મા. હીરબાઈ ખેરાજ દેઢીયા હ. વિમળાબેન શાંતીલાલ દેઢીયા તરફથી રહેશે. ૨ તારીખને ૧૨/૧૩ શ્રી યંત્ર પુજન સવારના ૯ વાગે રાખવામાં આવેલ છે. ગુરૂ મુખે મંત્રોચાર પૂર્વક વિધિ કરાવવામાં આવશે. ડીસેમ્બર ૫ નાં આંબેસરી પ.પૂ. ભાઈ મારાજની ૫૦મી દિક્ષાતિથિ નિમિત્તે પ્રોગ્રામ રાખવામાં આવેલ છે. એ માટે ડોંબીવલી થી બે બસોનું આયોજન કરવામાં આવેલ છે. એક બસનાં સંઘપતિ થવાનો નકરો ૧૧,૧૧૧ રાખવામાં આવેલ છે. લાભ લેવા વિનંતી. તા. ૧૨ ડિસેમ્બરનાં સવારનાં ૯ વાગે અઢાર અભિષેક રાખવામાં આવેલ છે. તા. ૧૩ ડિસેમ્બર સવારનાં ૮.૩૦ વાગે સત્તરભેદી પુજા રાખવામાં આવેલ છે. પુજાના લાભાર્થી પરીવાર શ્રીમતી વીણાબેન જયંતભાઈ ગાલા તે દિવસે બપોરના સાધર્મિક ભક્તિનાં દાતા માતૃશ્રી ભાનુબેન મનસુખ છાડવા અને માતૃશ્રી પાનબાઈ પદમશી હધુ દેઢીયા શ્રી સંઘ સર્વે દાતાઓની ભુરી ભુરી અનુમોદના કરે છે. તા. ૨૮-૨૯-૩૦ ડિસેમ્બરનાં અઠ્ઠમ તપ શ્રી સંઘમાં પ.પૂ. પ્રવર્તીની ખાંતી ૐકાર શિશુ માતૃ હૃદયા નિજાનંદશ્રીજી મ.સા.ની પ્રેરણા તેમજ નિશ્રામાં કરાવવામાં આવશે. લાભાર્થી પરીવાર : મા. સુંદરબેન શામજી રતનશી ગડા (ગજરાજ પરીવાર) ગામ : નવાવાસ. શ્રી સંઘ એમનાં સુકૃતની ભુરી ભુરી અનુમોદના કરે છે. પુજ્યશ્રીના વ્યાખ્યાન રાબેતા મુજબ ચાલુ છે. દર્શન-વાણીનો લાભ લેવા વિનંતી. લિ. પા.ગ.જૈન સંઘ ચે. ટ્રસ્ટ-ડોંબીવલી. ટ્રસ્ટીઓ.

2/1/1(1) --------- (A-10417)(2-3)

### 'ડીઝાઈનર બાંધણી/ઘરચોળા માટે No. 1'

! પૂનમ શાહ/લાલન : ઘાટકોપર !

અમારી બેનમૂન કળા-કારીગીરી અને વિવિધ કલર્સથી ઓપતી બાંધણીઓ, ઘરચોળા, ડ્રેસ અને બોર્ડરનું અલબેલું કલેક્શન આપનું મનમોહી લેશે. અન્ય ક્યાંય જોવા નહીં જ મળે એની ચેલેન્જ. મુલાકાત માટે મો. 9869698200, 9022339684.

4/1/1(11) --------- (B-10409)(2-4)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્‌ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ
૨૩૭૧૪૫૭૪-૨૩૭૭૩૦૩૨
www.kvoss.org

### કાર્યાલય બંધ અંગે

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ કાર્યાલય તા. ૪ અને ૫ નવેમ્બર ૨૦૨૧ ગુરૂવાર અને શુક્રવારનાં દિવાળી અને નવું વર્ષ નિમિત્તે બંધ રહેશે. જેની સૌ જ્ઞાતિજનો નોંધ લે.

● ખાસ નોંધ : એ દરમ્યાન સંજીવની મેડીક્લેઈમ માટે (અતી આવશ્યક સેવા) હોસ્પીટલમાં જાણ માટે કૃણાલ-૯૩૨૧૮૫૮૫૪૯, સેજલ-૯૩૨૧૯૮૭૪૦૧ અને કેશલેસ માટે : ૯૬૯૯૭૧૯૬૧૩ આ નંબર પર જાણ કરી શકાશે. લિ. મંત્રીઓ.

4/1/1(17) -------- (A-10433)(3-1)

### સંજીવની સ્વાસ્થ્ય યોજના ૨૦૨૧

સંજીવની સ્વાસ્થ્ય યોજનામાં આ વર્ષે મેમ્બરોને વધુ સારી સગવડ મળી શકે એ હેતુથી T.P.A. MD India Health Insurance Pvt. Ltd. દ્વારા સંજીવની સ્વાસ્થ્ય યોજનામાં ક્લેઈમમાં ઉદ્દભાવતા પ્રશ્નોનાં નિરાકરણ માટે T.P.A. દ્વારા નિમણુંક કરેલ ડોક્ટર ફક્ત આ બુધવાર, તા. ૩ નવેમ્બરથી બદલે મંગળવાર તા. ૨ નવેમ્બરના બપોરે ૨.૩૦ થી ૫ વાગ્યા સુધી સેવા સમાજ કાર્યાલય, ચીંચબંદર ખાતે મળશે. નવા ક્લેઈમમાં કોઈપણ મુશ્કેલી હોય તો સભ્યોએ ક્લેઈમ ફાઈલની ઝેરોક્ષ ઓરીજીનલ પેપર્સ સાથે રૂબરૂ ફોન કરીને આવવા વિનંતી. લિ. મંત્રીઓ.

2/1/1(18) -------- (A-10432)(3-2)

### તા. ૨ નવેમ્બરનાં 'શુભેચ્છક દાતા'

શ્રીમતી પ્રીતીબહેન કેતન રતનશી ગાલાના જન્મદિન નિમિત્તે એમનાં સાસુ મણીબેન રતનશી ઉમરશી ગાલા (કાંડાગરા) તરફથી.

● શ્રીમતી મધુરીબહેન કાંતીલાલ રાયશીના જન્મદિન પ્રસંગે શ્રી કાંતીલાલ રાયશી શાહ (નાંગલપુર) તરફથી.

● શ્રી રીતેશ હરખચંદ સાવલા (પ્રાગપુર)નાં જન્મ દિવસ નિમિત્તે શાહ લાલજી લખમશી સાવલા ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. લગ્ન, જન્મ કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા રૂા. ૧૧૦૦૦ (એક સાથે-એક જ વખત) ૧૫ વર્ષ માટે ભરીને આયકર કલમમાં રાહત મેળવો. લિ. મંત્રીઓ.

4/1/1(16) -------- (A-10434)(3-3)

## શૈક્ષણિક

### સ્વજનની સ્મૃતિને યોગ્ય તર્પણ
### સોનગઢ રત્નાશ્રમ

આ કાળમાં જન્મ, જરા અને મૃત્યુથી કોઈ બચી નથી શક્યું પરંતુ જે વ્યક્તિ આ વાતને સુપેરે જાણીને એને હૃદયસ્થ કરે અને એવી સાધના આદરે તો એને માટે આ ભવ નહી તો પછીનાં કોઈ ભવમાં વહેલામાં વહેલી તકે જન્મ,જરા અને મૃત્યુને જાકારો આપીને સિધ્ધપદ પામી શકે છે. ગામ - કારાઘોઘા / ચેમ્બુર નાં શ્રીમતી મંજુલાબેન મણીલાલ શામજી સૈયા ની તા.૧/૧૧/૨૦૨૧ નાં ચોથી પુણ્યતિથિ નિમિતે હસ્તે શ્રી મણીલાલ શામજી સૈયા એ દર વર્ષ ની જેમ આ વર્ષે પણ સોનગઢ રત્નાશ્રમ ની વિદ્યાદાતા યોજના માં રૂ.૧૧૦૦૦/- નું અનુકરણીય અનુદાન કરી નામ કાયમ કર્યું છે. જ્યાં સમાજના ધોરણ-૬ થી ૧૨ના ૪૬૪ જેટલા બાળકો કોઈપણ જાતના લવાજમ વગર તાલીમ લઈ રહ્યા છે. લી. મનસુખભાઈ લાપસિયા - ઉપપ્રમુખ - ગેલડા -૦૯૯૩૦૧૯૪૩૯૧.

4/1/1(7) -------- (A-10414)(3-4)

### શ્રી બાંભડાઈ વિમલનાથ શ્રી અજીતનાથ દાદાની છત્રછાયામાં

પ.પૂ. આચાર્ય ભગવંતશ્રી ગુણ-ગુણોદય-કલાપ્રભ-વિર-કવિન્દ્ર મહોદય, સુરીશ્વરો સહ શ્રમણ-શ્રમણી ભગવંતોને કોટી કોટી વંદના...વંદના...વંદના..

● (૧) બાંભડાઈ ગામે ખૂબ જ સુંદર જીનાલય પ્રભુ ભક્તિ, જીવદયા, ભોજનશાળાની વ્યવસ્થા ચાલી રહેલ છે. જે સર્વ લાભાર્થી પરીવારોએ લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી. લાભ લીધેલ સર્વે લાભાર્થી પરીવારોની ભુરી ભુરી અનુમોદના..અનુમોદના..

● (૨) એવી જ રીતે ઓક્ટોબર ૨૦૨૧ થી સપ્ટેમ્બર ૨૦૨૨ સુધી બાર માસિક ખર્ચને વ્યવસ્થારૂપે દરેક જણ લાભ લઈ શકે એના માટે ટ્રસ્ટ બોર્ડની મીટીંગ થતાં આ વર્ષે રૂા. ૪૫૦૦/-ની મીતી સર્વ સાધારણ ફંડ તરીકે ચુલા દીઠ થાય એવી ભાવના વ્યક્ત કરતા એને આ વર્ષેથી ચાલુ કરવી જેમાં ૭૦% સર્વ સાધારણ ૩૦% દેવાલયમાં વાપરવી જેમાં ભોજનશાળા, જીનાલય, પ્રભુજીની અષ્ટ પ્રકારી પુજાનો લાભ, જીવદયાનો લાભ સાથે શેષકાળમાં ગુરૂભગવંતોની વૈયાવચ્છનો લાભ મળશે. જે રોજ ૧ દિવસના રૂા. ૧૨.૫૦ થાય ૧ મીતીના રૂા. ૪૫૦૦/- મારૂ ગામ મારા ભગવાન મારૂ દાન પંક્તિને સાર્થક કરતાં દરેક ગામના સભ્યોને વિનંતી ઓછામાં ઓછી આપની ૧ મીતીનો લાભ લેવા નમ્ર વિનંતી.

● (૩) મિતીના નામો ૧૨ મહીના સુધી સ્થાનિકે યોગ્ય સ્થાને લખવામાં આવશે.

● (૪) સાથે વિશેષ એક આનંદની વાત કે જે ધ્વજા સમયે ૧૮ અભિષેક વખતે ૧૮ નામ અભિષેકના + સૂર્ય-ચંદ્ર-દર્શન ૧લી અષ્ટ પ્રકારી પુજા-આરતી-મંગળ દિવો-શાંતિકુંભનો લાભ જે મિતિના લકી ડ્રોમાંથી આપવામાં આવશે.

● (૫) ધ્વજાનો આદેશ સ્થાનિકે આપવામાં આવશે.

● (૬) તો જલ્દીથી આપના નામો આપેલ નંબર પર લખાવવા વિનંતી. આપણે આવા લાભથી વંચિત ન રહીએ. ૯૩૨૨૧૯૯૪૯૭-સુરેશ સોની, ૯૩૨૩૦૫૮૧૧૪-જયેશ છેડા. લિ. શ્રી બાંભડાઈ જૈન દેરાસર અને મહાજનવાડી.

4/1/1(8) -------- (A-10412)(3-5)

### 'સાવલા N લોડાયા' ટુર સંગાથે 'શીખરજી મહાયાત્રા, ઉત્તરપ્રદેશ '૬૬' કલ્યાણક

તીર્થોનું ઐતિહાસિક મહત્વ જાણી, વિધિ સહિત સમજણ સાથે યાત્રા, સંપુર્ણ યાત્રાનો સંતોષ, જિંદગીની યાદગાર યાત્રાનું ભેટણું, અલૌકિક આત્મીય આનંદના સ્પંદનો માટે સંપર્ક : 9820565261, 7021438593.

4/1/1(4) -------- (B-10286)(3-6)

### શ્રી શેરડી સ્થાને મામલ માતાને નમતા દેઢીયા નુખના ભાવિકોની પહેડી માટે દાતા આવકાર્ય

માતાજીની અસીમ કૃપા આપણાં ભાવિકો ઉપર હંમેશા વરસી રહી છે. દર વર્ષે માતાજીની પહેડી મુંબઈ મધ્યે રાખવામાં આવે છે. ગયા વર્ષે લોકડાઉનના કારણે યોજી ન શકાઈ હતી.

● આ વર્ષે ૯ જાન્યુઆરી, ૨૦૨૦ રાષ્ટ્રીય શાળા-ઘાટકોપર મધ્યે વાડી બુક કરેલ છે. જે પણ ભાવિકોમાંથી દાતા તરીકે આ વર્ષની પહેડીની ઈચ્છા ધરાવતા હો તો આપ અમારા માટે આવકાર્ય છો. 'મા' ની સેવા કરવા સાથે પુણ્ય લાભ પછી મલવો મુશ્કેલ કારણ દર વર્ષે આપણે લકી ડ્રો કાઢીએ છીએ. ઘણાં દાતાઓ હોય છે માટે પરંતુ આ વર્ષે જગ્યા ખાલી છે વહેલા તે પહેલા ધોરણે જો વધુ નામો આવશે તો ડ્રો કાઢશું. આપની હાજરીમાં તા. ૧૦ નવેમ્બર સુધી જાણ કરશો. સંપર્ક : લક્ષ્મીચંદ મેઘજી દેઢીયા-ઘાટકોપર-મો. ૯૧૬૭૧૧૨૨૦૦. લિ. વ્યવસ્થાપક સમિતિના જય માતાજી.

2/1/1(4) -------- (B-10426)(3-7)

### શ્રી દીપાવલી મહા પર્વ મંગલમય બનો ધાર્મિક પુસ્તકો પૂન

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ધામમાં મુંબઈ, થાણા, ડોંબીવલી વગેરેથી ઘણા પુણ્યવાનો એ પુસ્તકો છબીઓ પ્રતિમાઓ મોકલેલ છે. બધાના નામોનો સમાવેશ નહિં થાય, મલાડથી શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન સંઘને અન્ય મહાનુભાવો શ્રી અચલગચ્છ જૈન સંઘ ચેમ્બુર (રોયલ) શ્રી નવજીવન જૈન સંઘ મુંબઈ શ્રી સીમંધર સ્વામી જૈન મંડલ-મુલુંડ, શ્રી વર્ધમાન સ્થાનક જૈન સંઘ - ડોંબીવલી-પૂર્વ શ્રીમતી પુષ્પાદેવી મણીલાલ ગલીયા લુણી બોરીવલી, શ્રી વિનોદભાઈ ગાલા બોરીવલી પૂર્વ, શ્રી અંધેરી જૈન સંઘ, ઘાટકોપર જૈન સંઘ શ્રી દાદર આરાધના ભવન, એમ ઘણી જગ્યાથી પુસ્તકો આવે છે. વિરારના કારણે પૂનમ કાર્તિક સુધી લેવામાં આવશે પુસ્તકો લાવનાર સૌ જૈન સાધર્મિક ભાઈઓને ખુબ ખુબ ધન્યવાદ શ્રી દીપાવલી મહાપર્વના દિવસો તમારા સુખમય શાંતિમય બનો ધર્મભાવના વધો બોધીલાભની પ્રાપ્તી થાઓ. ને છેવટે તેમને ને મને મોક્ષ પ્રાપ્તિ થાઓ. લી. સંઘ સેવક મનોજ ખીમજી કુંવરજી હરગણ ગાલા-કચ્છ/ડોણવાલા હાલ કલ્યાણના શ્રી દીપાવલી મુબારક સાથે જય જિનેન્દ્ર વાંચશો. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થધામ ઘોડબંદર રોડ, કાસાર વડવલી નાકા થાણા. સંપર્ક : મેનેજર તુષારભાઈ : 9322451447, અજીત : 9653353795, દિપક ગાલા : 9833218452

2/1/1(21) -------- (A-10437)(3-8)

### 'આજે ધનતેરસ : પાર્લામાં ૫૦૦૦ દિવડા પ્રગટશે' ! સૌને પધારવાનું જાહેર આમંત્રણ !

આયોજક : ભારત વિકાસ પરિષદ (પાર્લા શાખા).

● ભારતીય સંસ્કૃતિ મુજબ 'આજે' ધનતેરસના શુભ પર્વે (તા. ૨-૧૧-૨૦૨૧) શ્રી ગજલક્ષ્મી-કુબેરની આરાધના ૫૦૦૦ દિવડા પ્રગટાવીને કરવામાં આવશે. સૌ ભાઈ-બહેનોને બહોળી સંખ્યામાં પધારવા અને નવશક્તિનો સંચાર પ્રાપ્ત કરવા સપ્રેમ આમંત્રણ છે. (દિવડા + તેલની વ્યવસ્થા રાખેલ છે)

● 'આજે' મંગળવાર, તા. ૨-૧૧-૨૦૨૧ 'ધનતેરસ' ના શુભ પર્વે : રંગોળીની સજાવટ સાથે ૫૦૦૦ દિવડા પ્રગટાવીને સામુહીક ઉજવણીનું આયોજન.

● સમય સાંજે : ૬.૩૦ વાગ્યાથી. ઠે. ઉત્કર્ષ મંડળ ચોક (ઉત્કર્ષ મંડળ હોલની બાજુમાં), માલવીયા રોડ, વિલેપાર્લા (ઈસ્ટ)

● અતિથિ વિશેષ : MLA શ્રી પરાગ અળવણી તથા નગર સેવીકા : શ્રીમતી જ્યોતિ પરાગ અળવણી.

● ચા-નાસ્તાની વ્યવસ્થા છે.

● કન્વીનરો : મનીષા છેડા (વારાપધ્ધર) તરલીકા સોની (માંડવી)

● લિ. દિનેશ જેઠાલાલ શાહ (માપર/વિલેપાર્લા) મો. ૯૮૨૧૧૫૬૬૨૯.

4/1/1(9) -------- (A-10411)(3-9)

### ફ્રીઝ, LED TV, માયક્રોવેવ ઓવન

દરેક જાણીતી બ્રાન્ડના ફ્રીઝ, LED TV માયક્રોવેવ ઓવન નાનાથી મોટી સાઈઝમાં વાજબી ભાવે મળશે.

● ફ્રીઝ ૯૦ લીટરથી ૭૦૦ લીટર સુધી ૧ ડોર, બે ડોર, ત્રણ ડોર, ચાર ડોરમાં મળશે.

● LED TV ૨૪ ઈંચથી ૧૦૦ ઈંચની મળશે.

● ઓવન ૧૭ લીટર થી ૩૨ લીટરના મળશે.

● વગર વ્યાજે સરળ હપ્તાની સગવડ.

● ફ્રી હોમ ડીલીવરી.

● ક્રેડીટ કાર્ડમાં કેશબેકની સગવડ. મળો : ચંદ્રકાંત વીરા-ભુજપુરવાળા. 9820024021.

4/1/1(10) -------- (B-10410)(3-10)

### શ્રી અચલગચ્છ જૈન સંઘ - ડોંબીવલી

દિપાવલી પર્વ ઉજવવાની અનોખી રીત, જે કરાવે પ્રભુ વીર સાથે પ્રીત.

● પ્રભુ વીર નિર્વાણ કલ્યાણક : આસો વદ અમાસ, તા. ૪-૧૧-૨૧, ગુરવાર, રાત્રે ૮.૦૦ કલાકે 'સંવેદના સહ વિવિધ રીતે કરશુ પ્રભુ ભક્તિ'

● નૂતન વર્ષ : કારતક સુદ-૧, તા. ૫-૧૧-૨૧, શુક્રવારની

● શુકનવંતી પ્રભાતે. જિનાલય દ્વારોદઘાટન, માંગલિક, ગૌતમસ્વામી રાસનું શ્રવણ અનંત લબ્ધિ નિધાન ગુરૂ-ગૌતમ સ્વામીનો સામુહીક ૫૦,૦૦૦ જાપ.

● સંવત ૨૦૭૮ની સાલને બેમીસાલ બનાવવા. સવારે ૫.૩૦ કલાકે પધારો..પધારો...પધારો...લિ. મંત્રીઓ.

4/1/1(20) -------- (A-10430)(3-11)

### ઘુંટણ સંધીયા વા દુઃખવા લાભદાયક ઉપાય

હું વાસંતીબેન ગોગરી શાંતીનગર થાણા મને ઘુંટણમાં ખુબ જ દુઃખવો હતો આ દુઃખવા માટે ઘણાં ઉપાય કર્યા પણ મને જરાય આરામ થયો નહીં રસ્તામાં અચાનક વેરસીભાઈનો ભેટો થયો. ઘુંટણ દુઃખવાની બધી વાત કરી તો વેરસીભાઈએ મને કહ્યું કે મલમ, લોસન વાપરી જુઓ વાસંતીબેનના મો. ૯૯૨૦૪૫૧૧૮૪ અને વેરસીભાઈએ આ મલમ, લોસન મારાજ સાહેબ, મહાસતીજીને આપેલ છે. તેમને બધાને આરામ થયેલ છે. વેરશીભાઈ ઉપર મારાજ સાહેબ, મહાસતીજીના આશીર્વાદ છે. આ ઘુંટણ, કમર, ખંભા, જુનામાં જુની મુઢમાર પગની પેની પગના પીસા સંધીયા વા માટે આ મલમ, લોસન ઘણું જ અસરકારક છે. મલમ, લોસન વાપરીને ખાતરી કરી જુઓ. સંપર્ક વેરશીભાઈ ગામ રવ શ્રીનગર થાણા મો. 9323936569, ૯૩૨૩૯૩૬૫૬૯.

4/1/1(3) -------- (B-10342)(3-12)

### 'શુધ્ધતાનું મંદિર' અનમોલ જ્વેલર્સ કચ્છી સમાજનું ગૌરવ

ધનતેરસના શુભ દિવસે શુકનવંતી સોનાનાં ૦.૫૦૦ ગ્રામથી લઈને ૧૦૦ ગ્રામના સિક્કાઓ + ચાંદીના ૫ ગ્રામથી લઈને ૧ કિલોની લગડીઓ તથા સોનાની આઈટમમાં અમારા કુશળ કારીગરોના હાથે કંડારેલ વીંટીથી લઈને સેટ સુધીની આઈટમો રેડી મળશે અથવા તમારી મન પસંદ ડીઝાઈનમાં બનાવી આપીશું. રીયલ ડાયમંડની આઈટમો અમારા ડીઝાઈનરનાં હાથે ડીઝાઈન કરેલ અનેક આઈટમનો ભરપુર ખજાનો. તો પધારો, નિહાળો અને ખરીદો અનમોલ જ્વેલર્સ પરેલ ટી.ટી. ગામઃ કચ્છ ફરાદીવાલા. શાંતીભાઈ ધનજી દેઢીયા. ફોન : ૨૪૧૩૩૯૩૬/૮૯૨૬.

4/1/1(2) -------- (B-10378)(3-13)

### WORLD માં દવા મોકલવા

વિદેશમાં રહેતા સગાવ્હાલાઓને ભારતના ફેમિલી ડોક્ટરની જ દવા અસર કરે છે USA, UK કે અન્ય દેશોમાં Medicine મોકલવા માટે અનુજ લક્ષ્મીચંદ સંગોઈ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો WORLDWIDE PAYMENT ACCEPTED. Free Pick Up Service PAC n DELIVER T – 48932230, M–8879991866 anuj@pacndeliver.com 20 Years of Quality Service.

2/1/1(5) -------- (B-10416)(3-14)

### વિદ્યાર્થીઓ, બહારગામ જતા પર્યટકો, ગરમ કપડાની ખરીદી પંચશીલ દાદરથી

કોરોનાની મહામારીમાં સંપુર્ણ સાવચેતીના પગલા સાથે આપની સેવામાં હાજર છીએ. ઠંડીથી રક્ષણ કરતાં ગરમ કપડા ખરીદવા આવો, દાદર પંચશીલ માં. Pure Wool, Wool Mark નાં લેડીઝ, જેન્ટસ, થર્મલવેર, કેપ, ગ્લોઝ, મફલર, સોક્સ, સ્વેટર, બ્લેનકેટ, વુલન શોલ ઓનલાઈન શોપિંગ કરી આપના ઘર પહોંચ મેળવો. (*TC) શ્રી બિલ્ડીંગ, રાનડે રોડ, દાદર (વે.), સ્ટેશનથી બે મિનિટ. ફો. : 24227953, 9619631151. (સોમવાર બંધ). Since 1965

2/1/1(19) -------- (B-10431)(3-15)

# શ્રી કચ્છી વીશા ઓસવાળ જૈન સેવા સમાજ કુરલા

## નૂતન વર્ષાભિનંદન

## એકમના શ્રી નવકાર મંત્રના સમુહ જાપ

લીંબડી અજરામર સંપ્રદાયના પ્રવર્તિની પ.પૂ. અનીલાજી મ.ના આજ્ઞાનુવર્તી
બા.બ્ર. પ.પૂ. સરિતાજી મ., બા.બ્ર. પ.પૂ. ઉદિતાજી મ., બા.બ્ર. પ.પૂ. પ્રણિતાજી મ.
આદી ઠાણા-૩ ચાતુર્માસ કલ્પે સુખ સાતામાં બિરાજમાન છે.

તા. 3/૧૧/૨૦૨૧ બુધવાર, તા. ૪/૧૧/૨૦૨૧ ગુરૂવાર ભગવાન મહાવીર નિર્વાણ દિન નિમિત્તે છઠ્ઠતપ કરાવવામાં આવશે સૌ સારી સંખ્યામાં લાભ લેશો.

તા. ૫/૧૧/૨૦૨૧ કારતક સુદ-એકમ ના શુક્રવાર સવારના ૫.30 વાગે રાઈ પ્રતિક્રમણ, ૭ થી ૭.30 શ્રી નવકાર મંત્રના જાપ ત્યારબાદ નૂતન વર્ષાભિનંદન ત્યારબાદ માંગલિક સમારોહ.

લક્કી ડ્રો - રામદેવ મિત્ર મંડળ, માતુશ્રી જવેરબેન રતનશી ગંગર - હરખચંદ ગુણશી ગડા તરફથી રાખવામાં આવેલ છે. (મહાજન વાડી સમાજ)ના હોલમાં ત્યારબાદ નવકારશીની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. સંવત ૨૦૭૮નું નવું વર્ષ આપ સહુને સુખમય-શાંતીમય-સમૃધ્ધિમય ખૂબ જ ધર્મમય નિવડે એજ શુભેચ્છા.

**મંગલ મુબારક - સાલ મુબારક**

**એજ લિ. શ્રી ક.વી.ઓ. જૈન સેવા સમાજ કુરલાના**

(CLB-10435)

પ્રમુખ શ્રી વિરચંદ મુરજી વિસરીયા

ઉ.પ્રમુખ શ્રી ગીરીશ જાદવજી છેડા | મા.મંત્રી શ્રી નિલેશ રવજી દેઢિયા
મા. મંત્રી શ્રી વિજય શામજી શાહ | ખજાનચી શ્રી ચેતન નવીનચંદ્ર સંગોઈ

મે. ટ્રસ્ટી શ્રી કિશોર પોપટલાલ સાવલા

ટ્રસ્ટી શ્રી દામજી રણશી છેડા | ટ્રસ્ટીશ્રી શાંતીલાલ વેલજી ધરોડ
ટ્રસ્ટી શ્રી કીર્તિકુમાર વેલજી સતરા | ટ્રસ્ટીશ્રી મુળજી વેલજી ગડા

તથા કારોબારી કમિટિ સભ્યો તથા મહિલા પાંખ કમિટિ

K.V.O. - P - 8104209392

---

કચ્છી જૈન ફાઉન્ડેશન | વડો મહાજન | શ્રી ક.વિ.ઓ. જૈન મહાજન-મુંબઈ

## નમ્ર સુચના

**સાયન ઓફિસ**

**ગુરૂવાર તા. ૪-૧૧-૨૦૨૧ (દિવાળી) થી**
**શનિવાર, તા. ૬-૧૧-૨૦૨૧ (ભાઈબીજ) સુધી**
**લોકોપયોગી પ્રવૃત્તિ માટે બંધ રહેશે.**
**સોમવાર તા. ૮-૧૧-૨૦૨૧ થી**
**ઓફિસ રાબેતા મુજબ ચાલુ રહેશે તેની નોંધ લેવી.**

એટલે કોઈપણ લાભાર્થીઓ આ સમય દરમ્યાન સંસ્થાની ઓફિસે ધક્કો ખાવો નહીં એવી ભલામણ છે.

(*791)

દિવાળી તથા નૂતન વર્ષ
સમસ્ત સમાજ માટે
સુખમય, સમૃદ્ધિમય,
આરોગ્યમય,યશસ્વી નિવડે
એજ પ્રભુ પાસે પ્રાર્થના સહ
**દિવાળી તથા નૂતન વર્ષાભિનંદન.**

લિ. : ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ, કારોબારી સમિતિ તથા સહ કાર્યકરો
કચ્છી જૈન ફાઉન્ડેશન • કચ્છી જૈન મહાજન (વડો મહાજન) • કચ્છી સહિયારૂં અભિયાન

---

શ્રી મેરાઉ તીર્થ મંડન | શ્રી વાસુપૂજ્ય સ્વામીને નમઃ | શ્રી શાંતિનાથ સ્વામીને નમઃ

# શ્રી મેરાઉ ક.વિ.ઓ. જૈન મહાજન

શ્રી મેરાઉ નગરે શ્રી વાસુ પૂજ્ય દાદા અને શ્રી શાંતિનાથ દાદાની અસીમ કૃપા અને સાનિધ્યમાં પ.પૂ.ગચ્છાધિપતિ શ્રી આચાર્ય ભગવંતોના અનારાધાર આશિષ અને આજ્ઞાથી સુદીર્ઘ સંયમી માતૃહૃદયા પ.પૂ.જ્યોતિકલાશ્રીજી મ.સા.ના સંયમ જીવનનું ૬૦ મું હિરક ચાતુર્માસ... આદિઠાણા - ૬ નું ચાતુર્માસ સાંપડયું. ખૂબ જ રંગે ચંગે ઉમંગે દિવસો પસાર થતાં પૂર્ણતાના આરે પહોંચ્યું છે.

દિવાળીના અવસરે ૮ દિવસના વિવિધ અનુષ્ઠાનો સંપન્ન થશે. સમગ્ર ગામવાસીઓ, નિયાણી બહેનો ને પધારવા અંતરના ઓરડેથી આમંત્રણ.

## ધનતેરસ થી જ્ઞાનપાંચમ અષ્ટાહ્નિકા મહોત્સવે અણમોલ અનુષ્ઠાનો

### ધનતેરસ : તા.૨-૧૧-૨૦૨૧, મંગળવાર

શ્રી દેવી (લક્ષ્મીદેવી) નું પૂજન
લાભાર્થી : કુમારી શ્રુતિ પ્રફુલ્લ ગાલા (કોટડી મહાદેવપુરી)

### કાળી ચૌદશ : તા.૩-૧૧-૨૦૨૧, બુધવાર

શ્રી મહાકાલી મા નુ પૂજન
લાભાર્થી : ઉર્વિ, ખુશ્બુ હેમંત મુલચંદ ધારશી ફુરીયા

### દિવાળી : તા.૪-૧૧-૨૦૨૧, ગુરૂવાર

વીર એક તારો આધાર-અનુષ્ઠાન
લાભાર્થી : ચી.પ્રશમકુમારના જન્મ દિવસે
હ.અ.સૌ.બીજલ વિશાલ પ્રેમજી દેઢિયા (ભોજાય - નીલમ સ્ટીલ)

### વર્ષ ૨૦૭૮, કારતક સુદ - ૧, તા.૫-૧૧-૨૧, શુક્રવાર

સવારના દ્વારો ઉદ્‌ઘાટન
સવારના ૯.30 વાગે : શ્રી શાંતિનાથ સંકુલ (વિદ્યાપીઠ)માં સમુહ સ્નાત્ર
લાભાર્થી : માતુશ્રી મણીબેન જગશી રાયશી ફુરીયા

### કારતક સુદ - ૨, તા.૬-૧૧-૨૧, શનિવાર

લબ્ધિ તણા ભંડાર શ્રી ગૌતમ સ્વામી અનુષ્ઠાન
લાભાર્થી : માતુશ્રી લક્ષ્મીબેન મોરારજી દેવજી વીરા
હ.શ્રીમતી ચંદ્રિકાબેન શાંતિલાલ વીરા

### કારતક સુદ - ૩, તા.૭-૧૧-૨૧, રવિવાર

નવકાર કરે ભવપાર અનુષ્ઠાન
પ.પૂ.સા.જ્યોતિકળાશ્રીજી મ.સા.ના વડીલ ગુરૂમૈયા
પરમ પુજ્ય સા. ગિરિવરશ્રીજી મ.સા.ની ૨૮ મી પુણ્યતિથી નિમિત્તે
લાભાર્થી : માતુશ્રી પુરબાઈ મુરજી રાંભીયા (વિંઝાણ)
શ્રી નવીનભાઈ-શ્રી મોહનભાઈ મુરજી રાંભીયા હ.માતુશ્રી રતનબેન મોહનલાલ રાંભીયા

### કારતક સુદ - ૪, તા.૮-૧૧-૨૧, સોમવાર

વિદેહવાસી વિભુને વંદના...અષ્ટપ્રકારી પુજા
લાભાર્થી : માતુશ્રી પાનબાઈ જેઠાલાલ સાવલાના સ્મરણાર્થે
હ.શ્રીમતી પુષ્પાબેન પ્રફુલ્લ સાવલા

### કારતક સુદ - ૫, તા.૯-૧૧-૨૧, મંગળવાર - જ્ઞાનપંચમી

સવારના : જ્ઞાન પંચમીની આરાધના, બપોરના : શ્રી સરસ્વતી માતાનું અનુષ્ઠાન
લાભાર્થી : ચિ. નમન કેતનલાલ નાગડા હ.શ્રીમતી કેશરબાઈ કંચનલાલ નાગડા

ઉપરોક્ત સર્વે લાભાર્થી પરિવારોનો આભાર અને અનુમોદના.
તા.૧૪-૧૧-૨૧ થી તા.૧૮-૧૧-૨૧ દરમ્યાન પંચાહ્નિકા મહોત્સવ છે તો દરેક ગામવાસીઓ, નિયાણી, ગુરૂભક્તો તથા આમંત્રિત મહેમાનો ને મેરાઉ ગામે પધારવા આમંત્રણ.

લિ.શ્રી જયંતિલાલ ચંપકલાલ શાહ (ઓલ્વીનવાળા) - પ્રમુખ
શ્રી મેરાઉ ક.વિ.ઓ. જૈન મહાજન

(*789)

NEEL PARI - 9322299742



Storybook WEDDINGS
BY
ANTARA
સુખ, સંપત્તિ, અને સમૃદ્ધિ સાથે,
સ્વર્ણ કીર્તિ ભરી
દિવાળી ની શુભેચ્છા
અમે જ્વેલરી માં Gemstones અને કુંદનનું વજન પૂરેપૂરું બાદ આપીએ છે ,
જેથી net અને gross વજન માં સંપૂર્ણ પારદર્શિતા રહે અને તમે ચૂકવો સોનાની સાચી કિંમત.
ANTARA
GOLD & DIAMONDS
(અંતરા જ્વેલરી પ્રા. લિ.)
A RETAIL VENTURE BY
VMC
1981
VALLABHJI MALSI & CO.
India's Highest Gold Jewellery Exporter
Over 20000+ Designs
100% BIS Hallmarked Jewellery & Certified Diamonds
Guaranteed Old Gold Exchange
4.6 ★★★★★ Google Ratings
Excellent Customer Service
DE BEERS FOREVERMARK Diamond Jewellery
DADAR : DSP Road, Dadar (East). Ph: 022 4041 5565 | BORIVALI : Factory Lane, Borivali (West). Ph: 022 6811 5565
100% of our staff is fully vaccinated | www.antarajewellery.com | Stay Connected:


(CLD-10421)



# LUCKY FOOD



Shop No. 1, Suresh Niwas, Manchubhai Road, Malad (E), Mumbai-97.

Mob.: 9819939244 / 9819466651 / 9892777070

દિવાળી ધમાકા સેલ દિવાળી ધમાકા સેલ દિવાળી ધમાકા સેલ

(૧) મિક્સ મિઠાઇ ................300 Kg
(૨) કાજુ કતરી.....................600 Kg
(૩) ફેન્સી મિક્સ મિઠાઇ.........900 Kg
(૪) રવા લાડુ.......................200 Kg
(૫) બેસન લાડુ....................200 Kg
(૬) મોતીચુર લાડુ.................200 Kg
(૭) ચુરમા લાડુ ..................400 Kg
(૮) મોહન થાળ.................380 Kg
(૯) કાઠીઆ વાડી પેંડા...........400 Kg
(૧૦) ફેન્સી ફ્રાયફુટ બોક્સ
(૧૧) પ્રમુખ રાજના ચોરાફળી ..200 Kg
(૧૨) પ્રમુખ રાજના મઠીયા......200 Kg
(૧૩) ખજુર પાક ..........160 -250 gm
(૧૪) અંજીર પાક ........160 -250 gm
(૧૫) ફ્રાયફુટ કરંજી............240 Kg
(૧૬) ફરસાણ .................160 Kg
(૧૭) ભાજની ચકરી ..........140 Kg
(૧૮) મીઠા સકર પારા.........140 Kg
(૧૯) પોકળ સકર પારા .......140 Kg
(૨૦) ખારા સકર પારા.........140 Kg
(૨૧) હલવો....................200 Kg
(૨૨) પાપડ ચેવડો ...........160 Kg
(૨૩) પૌવા ચેવડો .............160 Kg
(૨૪) મકાઇ ચેવડો ............160 Kg
(૨૫) કોથમીર ચેવડો ..........240 Kg
(૨૬) SP કચોરી ..............160 Kg
(૨૭) જીરા ફરસી પુરી.........160 Kg
(૨૮) મેથી ફરસી પુરી .........160 Kg
(૨૯) નાન ખટાઇ..............160 Kg
(30) હલવાસન ...............240 Kg
(૩૧) કાજુ પાન .........180 -250 gm
(૩૨) કાજુ પુરી..........180 -250 gm
(૩૩) બાજરી વડા ............160 Kg
(૩૪) કાજુ રોટલા .......180 -250 gm
(૩૫) Sp. ખાખરા ............160 Kg
(૩૬) બાજરી તલકતરી.......160 Kg
(૩૭) પાપડ ભેલ .............240 Kg
(૩૮) ડોંબીવલીના ફેમસ ખાખરા

(CLD-10120)

રૂપિયા ૮૦૦ની ખરીદી પર આકર્ષક ઇનામ ફ્રી

'ફ્રી ટેસ્ટીંગ' (શરબત બોટલ મળશે)

સ્વરૂપ અમરશી ગડા - અમરશી વેલજી ગડા (ભચાઉ-મલાડ)

K.V.O. - P - 8104209392



# અમારા વહાલા કાકાને ભાવભરી શ્રધ્ધાંજલિ

## શ્રી સૂર્યકાંત પ્રેમજી દેઢિયા

તલવાણા-મલાડ

પ્રભુ સમીપે: તા. ૩૧-૧૦-૨૦૨૧



પ્રેમ અને લાગણીથી લહેરાતા સાગર સમાન હતા,
દરેક સંબંધોને આત્મિયતામાં પલટાવનાર હતા,
હૃદયની વિશાળતા,વાણીમાં વાત્સલતા,
અને સ્વભાવની સરળતા હતી તમ જીવનમાં,
આપ સ્મૃતિરૂપે સદાય રહેશો અમ હૃદયમાં,
આપનો દિવ્ય આત્મા મોક્ષગામી બને એ જ પ્રાર્થના.



પરમ કૃપાળુ પરમાત્માના ધામમાં આપ શાશ્વત સુખ અને શાંતિ પામો એ જ ભાવભરી શ્રધ્ધાંજલિ.

(CLC-10413)

સંગીતા પિયુષ તલકશી સાવલા....................વાંકી-મલાડ
રોનક પિયુષ સાવલા.............................વાંકી-USA
જ્યોતિ અનિલ જયંતિલાલ ફુરીયા..............રાયણ-માટુંગા
શ્રેયા અનિલ ફુરીયા.........................રાયણ-માટુંગા
અર્ચીત અનિલ ફુરીયા........................રાયણ-માટુંગા

DEV GRAPHICS - 93 23 84 20 20

|| અજરામરોસ્તુ મંગલમ્ || || જય મહાવીર || || ભાવચંદ્રોસ્તુ મંગલમ્ ||



# શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ-બોરીવલી

પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ગુરુદેવ શ્રી ભાવચંદ્રજી સ્વામીની એક મહિનાની એકાંત મૌન સાધના પછીનું

# મહા માંગલિક

## નવલ વરસ અભિવાદનમ્
## નવલ ભાવ નિમંત્રણમ્



કારતક સુદ-૧
તા. ૫-૧૧-૨૦૨૧, શુક્રવાર

અજ્ઞાન તિમિરને દૂર કરનારું મહા માંગલિક
અમાપ શક્તિનું નૂર ભરનારું મહા માંગલિક
મંગલ મનોરથ પૂરા કરનારું મહા માંગલિક
નવલ વરસની કૃપા આપનારું મહા માંગલિક

ભક્તામર પ્રાર્થના-સ.૬.૧૫
મહા માંગલિક-સવારે ૬.૪૫

**Live: youtube_Ajaramar kripa**

સળંગ ૨૨મા વરસની આસો મહિનાની મૌન સાધનામાં બિરાજમાન આ એક માત્ર આચાર્ય ગુરુદેવ શ્રી ભાવચંદ્રજી સ્વામીના પ્રથમ દર્શન-આશીર્વચન અને મહા માંગલિકનો લાભ લેવા સૌ ભાવિકોને નવલ નિમંત્રણ છે.

લિ. મંત્રીઓ

રૂપાબેન મહેતા, જશવંતભાઇ ગોસલિયા, હિતેન્દ્રભાઇ પારેખ

(*788)

## કપાયા : વેદાંત બ્રાહ્મણ અવસાન

# ગં.સ્વ. ચંદ્રાબેન (માણેકબાઈ) ચત્રભુજ વેદાંત

સ્વર્ગવાસ : તા. ૩૦.૧૦.૨૦૨૧ • ઉં.વ. ૮૯



**કપાયાના ગં.સ્વ. ચંદ્રાબેન (માણેકબાઈ) ચત્રભુજ દયારામ વેદાંત (ઉં.વ. ૮૯) તા. ૩૦/૧૦/૨૦૨૧ ના રોજ અવસાન પામેલ છે. (નોન કોવિડ)**

સ્વ. માતાજી મણીમા ના પુત્રવધુ સ્વ. ચત્રભુજના પત્ની. સ્વ. દેવકાંબેન ઊમરશી (ગામ નાની ખાખર)ના સુપુત્રી. ભરતભાઈ, હિતેશભાઈ, કિરણબેન, અંજનાબેન, રીટાબેન, ફાલ્ગુનીબેનના મમ્મી. ગીતાબેન, જાનકીબેન, હરીશભાઈ, રેવાશંકરભાઈ, લક્ષ્મીશંકરભાઈ, પ્રદીપભાઈના સાસુ, રૂપલ, ચાંદની, વિક્રાંતના દાદી. સિધ્ધાર્થ, વિશાલના દાદી સાસુ, રિધાન્તના મોટા નાની. સ્વ. ઈશ્વરલાલ, સ્વ. મુકુંદરાય, ગં.સ્વ. સાવિત્રીબેન, ગં.સ્વ. ઈન્દુબેન, સ્વ. દમયંતીબેન, ગં.સ્વ. કુંદનબેનના ભાભી. સ્વ. ચંચલબેન, સ્વ. રમણીકલાલ, નારાયણજીભાઈ, ગં.સ્વ. સાવિત્રીબેનના બેન. જનકભાઈ, સ્વ. નયનભાઈ, દેવેનભાઈ, રાજેશભાઈ, નીતાબેન, કોકીલાબેન, પારૂલબેનના મોટા મા. મિનાક્ષીબેન, નિકીતાબેન, દેવ્યાનીબેન, જસ્મીનબેન, પ્રફુલ્લભાઈ, કમલેશભાઈ, રાજેશભાઈના મોટા સાસુ, નિખીલ, પ્રીતિ, ભાવેશ, સંજય, ચાર્મીના નાની. જતીન, હેતલ, રશ્મી, રિધ્ધીના નાની સાસુ.

**વર્તમાન પરિસ્થિતિ અનુસાર પ્રાર્થના સભા રાખેલ નથી.**

**ભરતભાઈ ચત્રભુજ વેદાંત :**
ફ્લેટ નં. 2, શ્રી બિલ્ડીંગ, આર. સી. માર્ગ, ચેમ્બુર, મુંબઈ-400074.
**ભરત વેદાંત** : મો. 9987554901 • **ગીતાબેન** : મો. 7021228018

## આશાપુરા ગાર્મેન્ટ્સ લી. ◆ વિનસ્ટોન જીન્સ

(CLNMC-10408)
છાપ ઉસી : 9322263819

॥ ૐ હ્રીં શ્રી મલ્લિનાથસ્વામિને નમઃ ॥
॥ શ્રી ગુણ-ગુણોદય-કલાપ્રભસૂરિભ્યો નમઃ ॥

નવકાર ને નમસ્કાર

ગીતાસ્મૃતિ

# શ્રી જોગેશ્વરી અચલગચ્છ જૈન સંઘ

દ્વારા આયોજીત

# "નવકાર ને નમસ્કાર"

# ૯૯,૯૯,૯૯,૯૯૯ નવકાર મહામંત્ર જાપ અનુષ્ઠાન

દિવ્યકૃપા : રાષ્ટ્રસંત, ભારત દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.
દિવ્ય આશિષ : તપચક્ર ચક્રવર્તી, જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
પુન્યપ્રભાવક સામ્રાજ્ય : સંઘ કૌશલ્યાધાર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

**શુભ નિમિત્ત**

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ને ગચ્છ-શાસન-સંઘ-સમાજના કાર્યો માટે ખૂબ બળ મળે...

માતુશ્રી હીરાકુંવર નાનજી ચાંપશી શાહ પરિવારના પુત્રવધુ શ્રીમતી ગીતાબેન રસિક શાહના સમતા સમર્પણના સદ્‌ગુણો....

નવકાર મહામંત્ર આરાધક શ્રી નરેન્દ્રભાઈ રામજી નંદુની વર્ષોથી કરાયેલી ગચ્છ-શાસન-સમાજ પ્રત્યેની સેવા - નિષ્ઠા...



## મંત્રોનો રાજા
## મંત્રાધિરાજ નવકાર !

પાંચ મંગળ મહાશ્રુત સ્કંધરૂપ આ મંત્ર ગુણોનું પ્રગટીકરણ કરે છે.
આ મંત્રમાં ગુણ એવં ગુણોનું સ્વરૂપ દિગ્દર્શિત છે.
આ મંત્ર અનાદિ નિધાન સંપૂર્ણ મંત્ર છે...
આ મંત્રમાં
અનંતગુણ સંપન્ન અરિહંત ભગવંત સર્વથી બંધનમુક્ત, જન્મ-મૃત્યુ રહિત સિધ્ધ ભગવંત,
આચાર માર્ગના પાલક એવં ઉપદેશક આચાર્ય ભગવંત જ્ઞાનથી પરિપૂર્ણ એવં
ચતુર્વિધ સંઘમાં સમ્યગ્ જ્ઞાનના સંવર્ધક એવા ઉપાધ્યાય ભગવંત એવમ્
સુવિશુદ્ધ સાધના માર્ગમાં સદા ઉદ્યમવંત સાધુ ભગવંતોને નમસ્કાર કરવામાં આવેલ છે.
અતીત, વર્તમાન કાળમાં થયેલ અને ભવિષ્યમાં થવાવાળા અવા અનંતા અનંત પરમેષ્ઠિઓનું સ્મરણ વંદન છે.
શ્રદ્ધાવન-પુણ્યવાનની સતત સાથે રહેવાના પ્રભાવથી સાધકને પ્રત્યેક ગુણોની પ્રાપ્તિ થાય છે એવા

**ચૌદ પૂર્વના સાર....નવકારને નમસ્કાર...**

અનુપમ આયોજનના સંપૂર્ણ લાભાર્થી.... "ગીતાસ્મૃતિ"

**માતુશ્રી હીરાકુંવર નાનજી ચાંપશી શાહ પરિવાર**

ખ્યાતિનમ્ ફાઉન્ડેશન
(મેરાઉ-ગાંધીધામ-વડોદરા-વાંદરા)
હ. ખુશ, વિઆન



**આગળના તમામ Updates માટે ખાસ અમારો Whatsapp નંબર Save કરજો.**

ઓક્ટોબર મહિનાની આપની કુલ નવકારવાળીની ગણતરી અમારા વોટસઅપ નંબર પર મોકલજો.
અથવા તમારા રજીસ્ટ્રેશન નંબરની સાથે કુલ નવકારવાળીની ગણતરી SMS કરજો.

**85911 36740**

જો વોટ્સપ દ્વારા ન જણાવી શકતા હો તો આ નંબર પર ફોન કરી જણાવજો
**85911 59514 / 85915 32450** (સમય : બપોરે ૧૨ થી ૮)

navkarnenamaskar
www.navkarnenamaskar.org

**સમયસર આપના નવકારની ગણત્રીનો અપડેટ આપવો એ દરેક આરાધકની પવિત્ર ફરજ છે.**

(*786)

**લિ. જોગેશ્વરી અચલગચ્છ જૈન સંઘ - ટ્રસ્ટીઓ એવમ્ અધિકારીઓ**

BINITA S. MARU - 9869034162

# ભાવભર્યા શ્રધ્ધાસુમન



તલવાણા

મલાડ

# શ્રી સૂર્યકાંત પ્રેમજી દેઢિયા

જન્મ: તા. ૦૬-૧૧-૧૯૫૫ | પ્રભુ સમીપે: તા. ૩૧-૧૦-૨૦૨૧

સ્નેહના સ્પંદનોથી સોહાતા, ભીની ભીની લાગણીઓથી લહેરાતા,
મોટાઓના હૃદયમાં વસતા, નાનાઓના દિલમાં રાચતા,
હતો તમારો આત્મિયતાભર્યો સાથ, પણ આપે છોડી દીધો અમારો સંગાથ,
જઈ વસ્યા આપ પ્રભુને પાસ, આપના આત્માને શત્ શત્ પ્રણામ.

સહુ પ્રત્યે આદર, પ્રેમ અને સમભાવના સદગુણો વડે સંસારયાત્રામાં, સ્નેહના સ્વરોનું સર્જન કરી, માનવજીવનને યથાર્થ કરનારા મુઠ્ઠી ઉંચેરા અમારા સ્વજનની વિદાય અમારા સહુ માટે વસમી બની ગઈ છે. આપનો આત્મા પરમાત્માના ધામમાં સુખની શાશ્વત શીતળતા પામી, સિધ્ધગતિના "સૂર્ય" નો પરમ પ્રકાશ પામે એ જ પ્રાર્થના.

| | | |
|---|---|---|
| માતા-પિતા | : | માતુશ્રી ભાણબાઈ પ્રેમજી મેઘજી દેઢિયા-તલવાણા |
| સાસુ-સસરા | : | માતુશ્રી જયવંતીબેન દામજી ગાલા-મોટા આસંબિયા |
| ધર્મપત્ની | : | શ્રીમતી મંજુલાબેન સૂર્યકાંત પ્રેમજી દેઢિયા |
| પુત્ર | : | કેતન સૂર્યકાંત દેઢિયા |
| પુત્રી | : | રીનલ સૂર્યકાંત દેઢિયા |

**ભાઈ-ભાભી:** તારાબેન દામજી દેઢિયા
હસ્તીબેન લક્ષ્મીચંદ દેઢિયા
શાંતાબેન વસંત દેઢિયા

**બહેન-બનેવી:** સુશીલા પોપટલાલ છેડા-બિદડા
અમૃતા ભાઈલાલ ગાલા-કાંડાગરા
ભારતી કાંતીલાલ ફુરિયા-મેરાઉ

(CLC-10418)

DEV GRAPHICS - 9323 84 2828

॥ શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ સ્વામિને નમઃ ॥



# શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘ

## ગુરૂ ગુણકલા સત્સંગોત્સવ

દિવ્યકૃપા : શાસનસમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.
દિવ્ય આશિષ : તપચક ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
પાવનકારી નિશ્રા : ગુરૂ ગુણસિંધુસૂરિ પટ્ટધર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા
જિનવાણી પ્રભાવક પ.પૂ. મુનિશ્રી કમલપ્રભસાગરજી મ.સા. આદિ ઠાણા ૧૯



**વીર મોક્ષ કલ્યાણક ઉજવતાં, દિવાળીએ દિલ અજવાળીએ,**
**જ્ઞાનપંચમીએ જ્ઞાનઆરાધને, અજ્ઞાનજન્ય કર્મોને બાળીએ...**

**દિવાળી પ્રવચન : ૮ સ્વપ્નોની કહાની... છઠ્ઠા આરાની ભવિષ્યવાણી...**

**વિ.સં. ૨૦૭૭ આસો વદ ૧૪/૩૦, બુધવાર - ગુરૂવાર,**
**તા. ૩/૪-૧૧-૨૦૨૧ સવારના ૯.૩૦ થી ૧૦.૩૦**

**પરમાત્મા શ્રી મહાવીર પ્રભુનું**
**નિર્વાણ કલ્યાણક**
**કલ્પસુત્રના આધારે...**
'જ્યારે સ્વાતિ નક્ષત્રમાં ચન્દ્રનો યોગ હતો,
ત્યારે પ્રભાતે બે ઘડી શેષ
પાછલી રાત્રિએ એકલા નિર્વાણ પામ્યા.'
આ આધારે પ્રભુશ્રી મધ્ય રાત્રિએ
નિર્વાણ નથી પામ્યા
પણ સૂર્યોદયથી ૪૮ મિનિટ પૂર્વે
નિર્વાણ પામ્યા છે.

**દિવાળી છટ્ઠ**
આસો વદ ૧૪-૩૦, બુધવાર, ગુરૂવાર, તા. ૩-૪ ડિસેમ્બર ૨૦૨૧
નામ કાર્યાલયે લખાવશો.

**દિવાળીનું ગણણું**
ૐ હ્રીં શ્રી મહાવીરસ્વામિ સર્વજ્ઞાય નમઃ (૨૦ નવકારવાળી પ્રતિક્રમણ બાદ)
ૐ હ્રીં શ્રી મહાવીરસ્વામિ પારંગતાય નમઃ (૨૦ નવકારવાળી સવારના ૪.૦૦ ક.)
ૐ હ્રીં શ્રી ગૌતમસ્વામિ સર્વજ્ઞાય નમઃ (૨૦ નવકારવાળી સવારના ૫.૩૦ ક.)

**વિ.સં. ૨૦૭૮ કારતક સુદ ૧, શુક્રવાર, તા. ૫-૧૧-૨૦૨૧ ના કાર્યક્રમની રૂપરેખા**

સવારના ૪.૦૦ કલાકે : વીર પ્રભુના નિર્વાણ કલ્યાણકની ઉજવણી ગણણું - દેવવંદન
સવારના ૫.૩૦ કલાકે : ગણધરશ્રી ગૌતમસ્વામીજીના કેવલજ્ઞાન કલ્યાણકની ઉજવણી-ગણણું
સવારના ૬.૦૦ કલાકે : જિનાલય દ્વાર ઉદ્‌ઘાટન, સામુહિક ચૈત્યવંદન, બુંદીનો લાડુ ધરાવવો...
સવારના ૬.૩૦ કલાકે : ગુરૂવંદન, મહામાંગલિક, મંત્ર પ્રદાન, ગૌતમસ્વામિ રાસ     સવારના ૭.૩૦ કલાકે : ખીરથી છટ્ઠ પારણા

**જ્ઞાનપંચમી આરાધના : વિ.સં. ૨૦૭૮, કારતક સુદ ૫, મંગળવાર, તા. ૯-૧૧-૨૦૨૧**



સવારના ૯.૩૦ થી ૧૦.૩૦ કલાકે : જ્ઞાનપંચમીનું પ્રવચન     સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ કલાકે : જ્ઞાનપદ આરાધના
બપોરના ૨.૩૦ થી ૪.૦૦ કલાકે : શ્રુતદેવી શ્રી સરસ્વતીદેવી મહાપૂજન

**ખાસ આશાતનાથી બચો...**
જ્ઞાનપંચમીના દિવસે નોટબુક, પેન-પેન્સિલ, ઈરેઝર આદિ ન ઢોકતા (ન જ મુકવા), તે સ્થાને હસ્તલિખિત પત્ર ચડાવવા.
જે પત્ર પર પ્રાચીન-અર્વાચીન સાહિત્યનું લેખન કાર્ય થાય છે.
આ હસ્તલિખિત પત્ર સાંગાનેરી પત્ર જેનું અર્વાચીન સાહિત્યનું લેખન કાર્ય થાય છે.
હાથની ટકાઉ બનાવટ હોય છે. કેમિકલ વગરનો હોય છે અને એનો સદ્‌ઉપયોગ થતા ચડાવનારને સવિશેષ લાભ મળે છે.
નોટબુક, પેન, પેન્સિલનો ઉપયોગ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, કાર્યાલયમાં સ્વ ઉપયોગ માટે કરાય
તો જ્ઞાનની આશાતના થાય છે. દરેક સંઘો-મહાજનો આ અવશ્ય સુધારો કરો.
તમારા સંઘમાં - મહાજનમાં સાંગાનેરી હસ્તલિખિત માટેના ટકાઉ પત્ર જોઈતા હોય તો
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા દ્વારા પ્રેરિત શ્રી આર્ય જયકલ્યાણ કેન્દ્ર ટ્રસ્ટ-ઘાટકોપર (પૂ)
સંપર્ક : રાજુભાઈ દેઢિયા (સ્વાસ્તિક) મોબાઈલ : +૯૧ ૮૭૭૯૧ ૩૪૯૧૧/૯૧ ૯૮૬૯૦ ૫૧૫૨૭ થી મેળવી લેશો.
**સવિશેષ જ્ઞાન પદ આરાધીએ... જ્ઞાનાવરણીય કર્મ ખપાવીએ...**

**સમ્યગ્ જ્ઞાનપદનો દુહો**
લોકાલોક પ્રકાશકર,
પંચ એકાવન ભેદ ,
નિર્મલ જ્ઞાન નમું સદા,
કરે કર્મનો છેદ ॥

(*790)

**બાળકો-યુવકો માટે જ્ઞાન શિબિરની સૂચના**



- તા. ૭-૧૧-૨૦૨૧ ના ૧૨.૦૦ થી ૩.૦૦ સુધીમાં બાળકોએ માટુંગા બોર્ડીંગમાં આવી જવાનું રહેશે.
- બપોરે ૩.૩૦ થી ૪.૩૦ કલાક શિબિર ઉદ્‌ઘાટન
- શિબિરનું દૈનિક શેડયુઅલ પ્રમાણે દરેક કાર્યક્રમમાં હાજરી આપવાની રહેશે.
- પૂર્વે પત્રિકામાં પ્રકાશિત થયા પ્રમાણે શિબિરની વિવિધ એક્ટીવીટીની તૈયારી કરીને આવશો.
- તા. ૧૨-૧૧-૨૦૨૧ ના સવારના ૯.૩૦ થી ૧૨.૦૦ સુધી શિબિર પૂર્ણાહુતિનો કાર્યક્રમ
- બપોરના સ્વામિવાત્સલ્ય બાદ બાળકોને રજા આપવામાં આવશે.

**શિબિરની સંખ્યા ધાર્યા કરતા**
**વર્ધમાન થયેલ જે ગૌરવની વાત છે.**

BINITA S. MARU - 9869034162

**લિ. : મંત્રીઓ - ભૂપેન્દ્ર દામજી ગાલા (મકડા) તથા નિર્મલ શાંતિલાલ શાહ (લાયજા)**

આજે ધનતેરસના શુભ દિને નુતન સાહસનું શુભારંભ

# 'The Ice-Cream Bakery' Fresh not Frozen (Franchise Outlet)

મંગળવાર,
તા.૨-૧૧-૨૦૨૧




સમય
બપોરે ૩.૩૦ વાગ્યાથી

TiB
The Ice-Cream Bakery
Fresh, Not Frozen

શુભ સ્થળ
શોપ નં.૭,
વોરા ભુવન,
માટુંગા,
કિંગ સર્કલ
મુંબઈ - ૧૯

-: સ્વાદમાં ખૂબ જ ક્રીમી આઈસ્ક્રીમની વિશેષતા :-

ગ્રાહકોની સામે તાજા ફળો અને તાજી ચોકલેટમાંથી બનાવવામાં આવે છે. તેમાં કોઈ પ્રિઝર્વેટિવ્સ નથી. બરફના સ્ફટિકો નથી.

પોતાના સ્વબળે ખંત, મહેનત, લગનથી દીર્ઘદ્રષ્ટિ કેળવી, નોખા અભિગમ સાથે મુંબઈના મધ્ય માટુંગામાં નુતન સાહસની નવી કેડી કંડારનાર નિધી અને દીપ દેઢિયા તથા માનસી અને અભય ઝવેરીને અભિનંદન તથા પ્રગતિના ઉચ્ચ શિખરો સર કરો એ જ શુભકામનાઓ.

અ.સૌ.જ્યોતિ (પ્રાણિક હિલર) તથા શ્રી મુકેશ (માનવ) છોટાલાલ દેઢિયા - દુર્ગાપુર (નવાવાસ)

(CLD-10436)

સગાં, સંબંધી, સ્નેહીઓ, મિત્રો આપ સૌ દીપ મામાની ન્યુ Franchise શોપ 'Ice-Cream Bakery' ની મુલાકાત લઈ આપજો પ્રોત્સાહન - જીયાના

NEEL PARI - 9322299742


ભુજપુર ગામના સેવાના ભેખધારી, માનવતાના મસીહા
શ્રી રમણીકભાઇ મોતા ને... અંતરભીની આદરાંજલી.

ગામ
ભુજપુર

હાલે
બારામતી



## શ્રી રમણીકભાઇ રામજી રવજી મોતા

(દેહવિલય :૨૮/૧૦/૨૦૨૧)

સાદગીભર્યું જીવન, ઉચ્ચવિચારો, સૌ સાથે સ્નેહભર્યા સંબંધો ધરાવનાર, લાગણીશીલ, પરોપકારી, ધર્માનુરાગી, સત્કાર્યોમાં મુકપણે સમર્પિત રહેનારા, ભુજપુર ગામની વિવિધ સંસ્થાઓમાં તન-મન અને ધનથી સહયોગ આપનાર, શ્રી રમણીકભાઇ મોતા ની વિદાયનો વ્રજઘાત અસહ્યનીય રહ્યો છે. એમના દિવ્ય આત્માને પરમ શાંતિની પ્રાપ્તિ હોજો એજ પ્રાર્થના સહ...શ્રદ્ધાસુમન.

લી.શ્રી ભુજપુર સેવા સમાજ
તથા ભુજપુર ગામની વિવિધ સંસ્થાઓ.

(CLB-10428)

અનશનવ્રતધારી, ધર્માનુરાગી, સેવાભાવી
સરળ સ્વભાવી, સુશ્રાવિકાને શ્રદ્ધાસુમન

સ્નેહીઓ પ્રત્યે લાગણીવંત, દિન દુ:ખી પ્રત્યે કરૂણાવંત,
દિલના તમે દરિયાવંત, દેવ-ગુરૂ પ્રત્યે ભક્તિવંત,
જીવન આપનું ધર્મવંત, પુરા થયા સૌ સાથેના ઋણાનુબંધ,
રાયણના ગૌરવવંતા સન્નારી આપના ચરણોમાં કોટી કોટી વંદન.



કચ્છ
રાયણ

અરિહંતશરણ
૨૯/૧૦/૨૧

(CLB-10440)

## માતુશ્રી જીવીબેન છગનલાલ ખીમજી ગડા

વાત્સલ્યહૃદયી જીવીબેન આપે સમગ્ર જીવન શ્રી સંઘને અક્ષય પાથેય પુરૂં પાડી, દિશા અને પંથના દર્શક બન્યા. સૌમ્યમૂર્તિ બની સાધુ સાધ્વી ભગવંતોની ઉત્તમ વૈયાવચ્છ કરતા રહ્યા. આપની વાણીના મધુ પાત્રમાંથી સદૈવ અનુભવામૃત છલકાતો. આપની ધર્મ પ્રત્યેની લાગણી સદૈવ ચિર સ્મરણીય રહેશે.

આપનો આત્મા જલ્દી થી જલ્દી મોક્ષ ગામી બને એવી પ્રભુ પાસે પ્રાર્થના.

શ્રી કચ્છ મોટી રાયણ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ

YOU TURN an awareness STOP THINK TURN ACT

# JYF જૈન યુથ ફોરમ

Off C/o: V Ply, Diamond Mansion, Worli, Mumbai - 18. Mob: 9820288265

www.jainyouthforum.org
/JYF.JainYouthForum
/JYF.JainYouthForum
... સ્વકલ્યાણ થી સર્વકલ્યાણ

## પ્રમોદ ભાવના

### ધન તેરસ

શુભ ભાવથી **શુદ્ધ ભાવ** તરફ

**ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે**
**એ સંતોના ચરણ કમળમાં, મુજ જીવનનું અર્ઘ્ય રહે**

### મહાવીર જેવી ગુણગ્રાહી દ્રષ્ટિ કેળવી પરહિતનું ચિંતન કરીએ

- પ્રતિસ્પર્ધી બનીને આવેલા **ઈન્દ્રભૂતિને ગૌતમ ગણધર** બનાવનાર ગુણાનુરાગી ભગવાન મહાવીર.....
- તેજુલેશ્યા ફેંકનાર **ગોશાલકનો પણ અંતિમ છેડો** સુધારનાર ભગવાન મહાવીર.....
- સતત છ મહિના ઉપસર્ગ આપનાર **સંગમદેવ પર અમીદ્રષ્ટિ** વરસાવનાર ભગવાન મહાવીર.....
- **ખૂની અર્જુનમાળીને મુનિ** બનાવી છ મહિનામાં મોક્ષે પહોંચાડનાર ભગવાન મહાવીર.....
- અનાર્ય દેશમાં સતત ત્રાસ આપનાર વ્યક્તિઓનો પણ **દોષ ન જોનાર** ભગવાન મહાવીર.....
- મેઘકુમારને આગલો ભવ યાદ કરાવી તેનો **અનુકંપાનો ગુણ** બતાવીને તારનાર ભગવાન મહાવીર....
- રોહિણેય ચોર જેણે પૂરી નગરીમાં ઉત્પાત મચાવેલો, જ્યારે એ ભગવાનના શરણે આવ્યો ત્યારે પ્રભુએ એનો **અવગુણોથી ભરેલો ઈતિહાસ** ન દીઠો, પણ **ગુણોથી ભરેલો ઈતિહાસ** દીઠો. પ્રભુ પાસે ગુણિયલ અભયકુમાર આવ્યા કે રોહિણેય, ભગવાને દરેકમાં **આત્માના અનંત ગુણ જ દીઠા** તથા બીજાના ગુણ જોવા એના કરતાં મોટો કોઈ ગુણ નથી. અને આ ગુણથી મોટું કોઈ ધન નથી તથા બીજાના અવગુણ જોવા એના કરતાં મોટી કોઈ નિર્ધનતા નથી.




## પરહિતનું ચિંતન

**પ્રમોદ ભાવના વધારવા ૧૦ મિનિટ ચિંતન કરીએ....**

- બીજા વ્યક્તિના સારા ગુણો જોઈ આપણને આનંદ થાય છે ?
- આપણી અંદર સારા ગુણો છે એવું ચિંતન કર્યું છે ?
- આપણે છેલ્લે ક્યારે ખૂબ જ પ્રસન્નતા અનુભવી હતી ?
- આપણા કરતાં વધારે ગુણિયલ વ્યક્તિને જોઈને એમની પાસેથી પ્રેરણા લેવાનું મન થાય છે ?
- કોઈપણ વ્યક્તિનું સારું કાર્ય જોઈ એમને અભિનંદન આપીએ છીએ કે ઈર્ષ્યા થાય છે ?

**આ પ્રશ્નોના જવાબ શાંત પળોમાં વિચારો**

### Magic Word of Life

**આજે બે વ્યક્તિને Thank You કહેવું.**
(રીક્ષાવાળો, લિફ્ટમેન, Co. Workers & Helpers વગેરે)

(*L787)

એકબીજાને ગમતા રહીએ  લિ. JYF  શાંત પળોમાં વિચારજો

Printed and Published by : Shri Kutchi Visa Oswal Jain Mahajan (The Owner) : 226/232, Narshi Natha Street, Bhatbazar, Mumbai - 400009.
Printed at Dangat Media Pvt. Ltd : Office : 22, Dighe MIDC, Navi Mumbai - 400708.